### ઇનડોર મોડમાં દર્દીઓમાં ખોટો ભય

# મને કોરોના થઈ ગયો છે.. સપના આવતા હોવાની ફરિયાદો વધુ : ડો. થાનકી

**બધુ ગંદુ થઇ જશે... સતત હાથ મોઢુ ધોઇને... ચેપ લાગી જશે તેવા ખોટા ભયમાં ધુનરોગનો શિકાર બનતા નાગરિકો : લોકડાઉન વચ્ચે ઘરમાં પુરાયેલા નાગરિકો : વિચારવાયુનો શિકાર બને છે : સોશિયલ મીડીમાં નેગેટીવ મેસેજીસની પણ દર્દીઓ પર વિપરિત અસર : લોકડાઉન વચ્ચે ઇનડોર મોડમાં રહેતા દર્દીઓમાં ભય : ડો થાનકી**

ગાંધીનગર તા ૨

મને કોરોના થઈ ગયો છે....બધુ ગંદુ થઈ ગયુ છે...અનિંદ્રા અને ભયનો શિકાર બનતા માનિસિક દર્દીઓની હાલત આ સ્થિતિ વચ્ચે અત્યંત દયાજનક



### કોરોનાના કહેરની આડઅસરથી બચવા માટે

- સોશિયલ મીડીયામાં નેગેટીવ મેસેજીસથી દુર રહેવુ
- નકારાત્મક વાતો ન કરવી, ખોટી ચિંતા અને વિચોરો ન કરવા
- રસની પ્રવૃતિમાં મસ્ત અને વ્યસ્ત રહેવુ
- ઘરમાં કોઈપણ સભ્યના વર્તનમાં અજીબો ગરીબ ફેરફાર અંગે સજાગ રહેવુ
- નકામા વિચારોની ફાઈલ દફતરે કરી દેવી
- ઘરમાં હળવી કસરત અને યોગ પ્રાણાયમ કરવા
- જરૂર હોય તો જીવન આસ્થા હેલ્પલાઈનનો ઉપયોગ કરવો
- ટોલ ફ્રી નંબર : ૧૮૦૦૨૩૩૩૩૩૦

બનતી જાય છે. કોરોનાના સતત વિચાર, સોશિયલ મીડીયામાં પ્રસરતા નેગેટીવ મેસેજીસના લીધે જનમાનસ પર અત્યંત વિપરિત અને ગંભીર અસરો જોવા મળી રહી હોવાનુ નગરના જાણીતા મનોચિકિત્સક ડો થાનકીએ જણાંવ્યુ છે. મને કોરોના થઈ ગયો છે તેવા સ્વપ્નો આવતા હોવાની ફરિયાદો હાલ દર્દીઓમાં વધી છે. મોઢુ અને હાથ ધોવાની સાથે બધુ ગંદુ થઈ ગયુ છે. ચેપ લાગશે તેવા ખોટા ભયમાં સતત પીડાતા દર્દીઓ ધુનરોગનો ભોગ બની રહ્યા છે. આવા સંજોગોમાં નાગરિકોએ કોરોનાના ખોટા વિચારો કરવાની ફાઈલ જ સરકારી ભાષામાં કહીએ તો દફતરે કરી દેવાની અનિવાર્યતા છે.

કાળમુખા કોરોનાના કહેરથી બચવા માટે સમગ્ર દેશમાં આગામી ૧૪ એપ્રિલ સુધી લોકડાઉન જારી કરાયુ છે. લોકડાઉનની સ્થિતિ વચ્ચે નાગરિકો ઘરમાં પુરાયેલા છે. સમગ્ દુનિયામાં કોરોનાની મહામારીએ હાહાકાર મચાવ્યો છે. દુનિયામાં ૪૦ હજાર જેટલા નાગરિકોએ કોરોનાના લીધે જીવ ગુમાવ્યો છે. જયારે કોરોનાનો રોગચાળો અત્યાર સુધી દુનિયાના વિવિધ દેશમાં સાત લાખ વ્યકિતઓ આ રોગચાળાથી સંક્રમિત થયા છે. છેલ્લા આઠ દિવસથી સમગ્ર દેશ ઘરમાં પુરાયેલો છે. વેપાર ઉદ્યોગો બંધ છે. આવા સંજોગોમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે દેશના નાગરિકોની મનોદશા પર વિપરિત અસર થતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. અલબત્ત માનસિક બિમારી ધરાવતા દર્દીઓની હાલત વધુ બગડી છે. બીજીતરફ ઘરમાં રહીને સતત કોરોના વાયરસના વિચારો કરીને વ્યથિત થતા નાગરિકોની માનસિક દશા પણ દયાજનક બની હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. આ અંગે નગરના જાણીતા મનોચિકિત્સક ડો ગૌરાંગ થાનકીએ જણાંવ્યુ હતુ કે હાલના સમયમાં માનસિક રોગના દર્દીઓ વિશેષ પ્રભાવિત છે. લોકડાઉનમાં સારવારના અંતે સાજા થયેલા દર્દીઓની હાલત પણ બગડે છે. હાલ દેશના નાગરિકો ઈન્ડોર મોડમાં જીવી રહ્યા છે. ઘરની બહાર નિકળવાનો રસ્તો નથી. આમ નાગરિકોની લાઈફ સ્ટાઈલ બદલાઈ ગઈ છે. સામાજિક કોલ્સ થઈ શકતા નથી. એકમેકને મળવાનુ સદંતર બંધ થઈ ગયુ છે. મને કોરોના થઈ ગયો છે.. તેવા સ્વપ્ન આવાતા હોવાની ફરિયાદો પણ ડો થાનકીને દર્દીઓ કરી રહ્યા છે. સતત મોઢુ અને હાથ ધોવા.. બધુ ગંદુ થઈ ગયુ છે..ચેપ લાગશે.. તો .. કાંઈ થઈ જશે...જેવા સતત વિચારોની ગુંચવણમાં ગુંગળાતા કેટલાક નાગરિકો ધુનરોગ (ઓબ્સેસીવ કમ્પલસીવ ડીસઓર્ડર ) નો ભોગ બની રહ્યા છે. આ ઉપરાંત ખોટો ભય પણ સેવી રહ્યા છે. રોગ જેવા સામાન્ય લક્ષણ દેખાય તો પણ હુ મરી જઈશ તેવા પ્રકારની આઘાતની લાગણીમાં સરી પડે છે. અનિંદ્રાની ફરિયાદો પણ વધી છે. હજુ પણ લોકડાઉન લંબાવાશે તો.. તે મુદ્દે પણ નાગિરકોની મુંઝવણ વધી છે. કોરનાના ભયથી વિચારવાયુની તકલીફ પણ વધી રહી છે. શહેરમાં વસતીની સામે અંદાજિત ૫ થી ૧૦ ટકા નાગરિકો જુદી જુદી માનસિક બીમારીથી પીડાઈ રહ્યા છે. જયારે આ પૈકી ૨ ટકા દર્દીઓ ગંભીર

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૪૮ કલાકમાં કોઈ નવા કેસ નથી

**૩ શંકાસ્પદ દર્દી નોંધાયા : બે દર્દીનો રિપોર્ટ નેગેટીવ : ૧ દર્દીનો રિપોર્ટ આવવો બાકી**
**લોકલ ટ્રાન્સમીશનથી નોંધાયેલ દર્દીઓની ટકાવારીમાં જિલ્લો રાજ્યમાં મોખરે**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના પોઝીટીવના નવા કેસ મળ્યા નથી તો ખોરજમાંથી પણ નવો કેસ મળ્યો નથી એટલે તંત્રએ થોડીક રાહત જરૂર અનુભવી છે પણ પરિસ્થિતિને હળવાશથી લીધી નથી.

તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન કરવામાં આવી રહ્યુ છે. બીજી તરફ ગાંધીનગર સિવિલમાં ત્રણ શંકાસ્પદ કેસ ગઈકાલે આવ્યા હતા. આ દર્દીઓ આંતર રાજ્ય મુસાફરી કરીને આવ્યા છે.

આ ત્રણેય દર્દીના નમૂના આજે તપાસ માટે મોકલવામાં આવ્યા હતા જેમાંથી બે ના રિપોર્ટ નેગેટીવ આવતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે. એક દર્દીનો રિપોર્ટ આવવાનો બાકી છે.

ગાંધીનગરમાં કોરોનાના ૧૧ કેસ નોંધાયા છે જેમાં માત્ર બે જ દર્દી વિદેશ પ્રવાશેથી આવ્યા છે જયારે નવ દર્દીને લોકલ ટ્રાન્સમીસનથી આ રોગ આવ્યો છે. રાજયમાં લોકલ ટ્રાન્સમીશનથી આ રોગમાં સપડાયેલા દર્દીઓની સંખ્યામાં ગાંધીનગર બીજા ક્રમે આવે છે. જો કે રાજયની સરેરાશ કરતાં લોકલ ટ્રાન્સમીશનથી થયેલા કેસોની ટકાવારી ઊંચી છે.

હાલ રાજ્યમાં જે કોરોના કેસ નોંધાયા છે તેમાં ૫૦ ટકા જેટલા કેસ લોકલ ટ્રાન્સમીશનથી થયેલા છે જ્યારે ૩૩ દર્દી વિદેશ પ્રવાસની હિસ્ટ્રી ધરાવે છે અને ૮ દર્દી આંતરરાજ્ય પ્રવાસની હિસ્ટ્રી ધરાવે છે.

## સે. ૨૯ અને ૨૩ ને કન્ટેનમેન્ટ ઝોન કેટેગરીમાં મુકવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સે. ૨૯ અને સે. ૨૩માંથી કોરોના પોઝીટીવ કેસ મળી આવતાં તંત્રએ સરકારની આ રોગને લઈ જારી કરાયેલ માર્ગદર્શિકા મુજબ કન્ટેનમેન્ટ ઝોન આ બે સેક્ટરોને જાહેર કર્યા છે.

આ કન્ટેનમેન્ટ ઝોનમાં દરરોજ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન રીતે હાથ ધરવામાં આવશે એટલુ જ નહિ આ વિસ્તારમાં લોકડાઉનનો અસરકારક અમલ થાય તે પણ જોવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ બે સેક્ટરોની નજીકના એક-એક સેક્ટરને બફર ઝોનમાં મુકી અને ત્યાંની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાનો નિર્ણય મનપાના સત્તાવાળાઓ દ્વારા લેવામાં આવ્યો છે. મનપા દ્વારા હાલ વિવિધ સેક્ટરોમાં સેનીટાઈઝરના છંટકાવની કામગીરી પણ સઘન બનાવવામાં આવી છે. જો કે આ સેક્ટરોમાંથી છેલ્લા ચારથી પાંચ દિવસ દરમ્યાન એક પણ નવો કેસ મળ્યો નથી તેથી તંત્રએ થોડીક રાહત અનુભવી છે.

**આ બે સેક્ટરોની નજીકના એક-એક સેક્ટરને બફર ઝોનમાં મુકી અને ત્યાંની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાનો નિર્ણય મનપાના સત્તાવાળાઓ દ્વારા લેવામાં આવ્યો છે**



નિરવ શાંતિ - શહેરના ટ્રાફીકથી ધમધતા મુખ્યમાર્ગો પર નિરવ શાંતિ અનુભવાઈ રહી છે... ક્યારેય કાને ન પડતો પક્ષીઓનો કલરવ હવે સવારે ૧૦ વાગ્યા સુધી અને સાંજે ૫ વાગ્યા પછી આસપાસના વિસ્તારોમાં સંભળાય છે... કુદરતની કેવી કરામત છે... એક તરફ દુઃખની ચિચિયારીઓ છે... તો બીજી તરફ કર્ણપ્રિય મધુર પંખીઓનો કલરવ છે... આ જ પ્રકૃતિની લીલા છે... માત્ર સમજવા માટે દૃષ્ટિ, પામવા માટે કર્ણ અને અનુભવવા માટે ધબકતા હૃદયની જરૂર છે...

# સપ્તાહના અંત સુધીમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રીને વટાવી જશે

**ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે આ વર્ષે ચોમાસાની પેટર્ન પણ બદલાઈ શકવાની શક્યતા વ્યક્ત કરી**

ગાંધીનગર, તા. ૧

એક તરફ દેશભરમાં કોરોના મહામારીના પગલે ચિંતાનો માહોલ સર્જાયો છે અને બીજી તરફ વાતાવરણમાં અણધાર્યા પરિવર્તનો જોવા મળી રહ્યાં છે. જો કે હવે એપ્રિલ માસમાં વિધિવત રીતે ઉનાળાનો પ્રારંભ થઈ ચુક્યો છે અને આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ વધી શકે છે. ગરમીનો પારો આ સપ્તાહના અંત સુધીમાં જ ૪૧ ડિગ્રી સે.ને વટાવી જશે તેવું ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ પટેલનું માનવું છે. આ સાથે આ વર્ષે ચોમાસાની પેટર્ન બદલાશે તેવો વર્તારો પણ તેઓ વ્યક્ત કરી રહ્યાં છે.

હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું હતું કે ‘‘એપ્રિલના આગામી દિવસોમાં ગરમીનો પારો વધી શકે છે. તા. ૪,૫,૬માં મહત્તમ ઉષ્ણતામાન વધે, અમદાવાદ, વડોદરા, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ, ભૂજ, ડીસામાં મહત્તમ ઉષ્ણતામાન ૪૧ ડીગ્રી સેલ્સીયસને પાર કરી જવાની સંભાવના રહે. જૂનાગઢના ભાગોમાં પણ ગરમી વધી શકે. તા. ૭, ૮ હવામાનમાં પલટો આવે. તા. ૧૩, ૧૪, ૧૫ એપ્રિલમાં મોસમમાં પલટો થાય. તા. ૧૭ સુધીમાં દેશના ઉત્તરીય પશ્ચિમ ભાગોમાં કમોસમી વરસાદ કે કરા પડી શકે. હવે ધીરેધીરે હવામાનમાં વિપર્યાય ઓછો થતો જાય. જનધનને પશ્ચિમીમાં વિક્ષેપના કારણે હાની થવામાં છે જે અંગે વાતાવરણ પણ સુધરતુ જાય. તા. ૧૩, ૧૪, ૧૫માં મોસમ બદલી શકે. તા. ૧૭ સુધીમાં ઉત્તરીય પશ્ચિમ ભાગોમાં કમોસમી વરસાદ કે કરા પડી શકે. આમ છતાં હવામાન એકંદરે સારૂ રહી શકે. અસહ્ય ગરમી હવે ધીરે ધીરે વધે. ૨૦મી એપ્રિલ બાદ સાગરમાં પણ હવાના દબાણ ઉભા થાય. પવન વંટોળનું પ્રમાણ વધે, ચોમાસુ ૨૦૨૦ અંગે જોતાં કવચિત ૨૦૧૯ની પેટર્ન બદલાય અને સમુદ્રના પ્રવાહો તટસ્થ પણ રહી શકે. ગત સાલમાં ચોમાસાના સ્વરૂપ કરતાં આ વર્ષમાં કંઈક અંશે ચોમાસાના ચિન્હો જણાય. વરસાદની પેટર્ન અંગે પહેલાના ખ્યાલો બદલવા સારા રહે. છેલ્લા દશકાથી સમુદ્રમાં વાતા ઉલટા પ્રવાહોની સ્થિતિ પણ જાણવી રહી.

## કોવીડ-૧૯ના સંદર્ભમાં સરકારના મહત્વના નિર્ણયો

ગાંધીનગર, તા. ૧

રાજયમાં કોરોનાના કહેર વચ્ચે થેલેસીમીયા અને હિમોગ્લોબીનોપથીગ્રસ્ત બાળકોની સારવાર માટે પણ સરકારે ચિંતા કરી અને તેમને સમયસર સારવાર મળે તેવા પગલાં લીધા છે.

રાજ્યના આરોગ્ય વિભાગના અગ્રસચિવ ડૉ. જયંતિ રવિના જણાવ્યા પ્રમાણે ઈન્ડિયન રેડક્રોસના સહયોગથી આ કામગીરી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતુ કે અત્યાર સુધીમાં ૯૭ થેલેસેમીયા અને અન્ય હિમોગ્લોબીનીપથીથીગ્રસ્ત બાળકોને ૧૨૩ યુનિટ લોહી ચડાવવામાં આવેલ છે. ૫૨ બાળકોને દવાઓ પણ આપવામાં આવી છે.

સુશ્રી રવિએ કહ્યુ હતુ કે વેન્ટીલેટર ઓપરેટ કરવા માટે જુદા જુદા સેન્ટરો પર નવ હજાર જેટલા લોકોને તાલીમબદ્ધ કરવામાં આવી રહ્યા છે. તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે કોવિડ-૧૯ રોગચાળા અંતર્ગત આરોગ્ય સેવાઓને વિપરીત અસર ન પડે તે હેતુથી રાજ્ય સરકારે આરોગ્ય વિભાગમાં કાર્યરત કર્મયોગીઓ જે ૩૧-૩-૨૦૨૦ અને ૩૦-૪-૨૦૨૦ના રોજ વય નિવૃત્ત થતા તમામ અધિકારી અને કર્મયોગીઓની નિવૃત્તિ ૩૧-૫-૨૦૨૦ સુધી લંબાવી આપવાનો પણ નિર્ણય લીધો છે.

## મહેસુલી કર્મયોગીઓ ૭૫ લાખ આપશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળના પ્રમુખ વિરમ દેસાઈએ આજે જાહેરાત કરતાં જણાવ્યુ છે કે રાજ્યના તમામ જિલ્લાના મહેસુલી કર્મયોગીઓ તેમના ૧ દિવસનો પગાર કોરોના માટેના ફંડમાં આપશે. તેમણે જણાવ્યુ છે કે આ રકમ રૂ. ૭૫ લાખ જેટલી થવા જાય છે. આ રકમ સરકારને કાપી લેવા માટે મહામંડળે સરકારને જાણ પણ કરી દીધી છે.

## ગાંધીનગર શહેર અને તાલુકામાં ૭૪૦૦થી વધુ કાર્ડધારકોને આજે અનાજ અપાયુ



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં ૭૭૫ અને ગ્રામ્યમાં ૬૬૯૧ લોકો જે અંત્યોદય, એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ ધારકો છે તેમને આજે સરકાર દ્વારા તૈયાર કરાયેલ કીટનું વિતરણ કરવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ૧૨૨૧૪૦ કિલો ઘઉં, ૫૧૪૩૩ કિલો ચોખા, ૧૦૦૪૯ કિલો ખાંડ, અને ૭૪૮૫ કિલો દાળ તેમજ ૭૫૭૬ કિલો મીઠાનું વિતરણ કરવામાં આવ્યું છે.

તંત્રના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે હજુ શહેર અને ગ્રામ્યમાં લગભગ ૩૫ હજાર જેટલા કાર્ડધારકોને આ કીટનું વિતરણ કરવાનું બાકી છે. જે આગામી બે ત્રણ દિવસમાં પૂર્ણ થઈ જશે. જિલ્લાના દહેગામમાં, કલોલમાં આ અનાજના વિતરણ માટે સોશ્યલ ડિસ્ટન્ટ નહિ જળવાયુ હોવાની ફરિયાદો ઉઠી હતી. જોકે સમગ્ર જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં અનાજનું કાર્ડધારકોને વિતરણ કરવામાં આવ્યુ હોવાનો દાવો તંત્રએ કર્યો છે.

## ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થી આગામી ધોરણમાં પ્રમોટ

**સીબીએસઈ બોર્ડ દ્વારા મોડી સાંજે નિર્ણય કરાયો**
**ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને પણ પ્રમોટ કરાશે**

ગાંધીનગર, તા. ૧

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ ૧થી લઈને ધોરણ ૧૨ સુધી તમામ ધોરણો માટે જરૂરી સૂચના જારી કરી છે. આ સુચના તમામ માન્યતા પ્રાપ્ત સ્કુલો માટે છે જેની સીધી અસર વિદ્યાર્થીઓ ઉપર થશે. બોર્ડે આજે નિવેદન જારી કરીને સ્પષ્ટતા કરી છે જેમાં ધોરણ ૧થી ૮, ધોરણ ૯, ૧૧, ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે જુદી જુદી માહિતી અપાઈ છે. સીબીએસઈ સ્કુલોને સલાહ અપાઈ છે કે, જો તેઓએ એકથી ૮ સુધીની વિષયોની પરીક્ષા લઈ લીધી છે તો વાત નથી પરંતુ જો પરીક્ષા લેવાઈ નથી તોઆગામી ધોરણમાં પ્રમોટ કરી દેવામાં આવે તે જરૂરી છે. જ્યારે ધોરણ ૯ અને ૧૧ માટે કહેવામાં આવ્યું છે કે, અનેક સ્કુલોએ ૯ અને ૧૧ની પરીક્ષાઓ પૂર્ણ કરી લીધી છે પરંતુ કેટલીક સ્કુલો એવી છે જ્યાં પરીક્ષા બાકી છે. આ સ્કુલોને સૂચના છે કે, નવ અને ૧૧ના વિદ્યાર્થીઓને એસેસમેન્ટ, પ્રોજેક્ટ વર્ક, પિરિયડ ટેસ્ટ, ટર્મ એક્ઝામના આધારે આગામી ધોરણમાં પ્રમોટ કરી દેવામાં આવ્યા છે

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com